**કૃપાકરી પ્રસિધ્ધી માટે** **૨૮ એપ્રિલ ૨૦૦૯**

# રામ નાઈક છટ્ઠી વખત લોકસભામાં જશે : ગોપાળ શેટ્ટી

**મુંબઈ, મંગળવાર :** " ઉત્તર મુંબઈ મતદારસંઘનાં ભાજપ - શિવસેના યુતીનાં ઉમેદવાર શ્રી રામ નાઈક હવે છઠ્ઠી વખત લોકસભામાં ચૂંટાઈને જશે. આ જનાદેશ વિવિધ પ્રકારનાં મતસર્વેક્ષણ થી પણ સ્પષ્ટ થયેલો છે," આ મુજબનો વિશ્વાસ ભાજપ - મુંબઈનાં અધ્યક્ષ શ્રી ગોપાળ શેટ્ટી એ વ્યકત કર્યો હતો.

શ્રી ગોપાળ શેટ્ટી પોતે ઉત્તર મુંબઈમાંના બોરિવલી મતદાર સંઘમાંથી ભાજપનાં ધારાસભ્ય તરીકે પણ ચૂંટાઈ આવેલાં છે. આ વિધાનસભા માં ૧૯૭૮ માં શ્રી રામ નાઈકે ભાજપનાં વિજયના શ્રી ગણેશ કર્યા હતાં. ત્યારબાદ હવે ઉત્તર મુંબઈ ભાજપ - શિવસેના યુતીનો ગઢ મનાય છે. મતદાર સંઘની પુનર્રચના બાદ બોરીવલીનાં ઉત્તર મુંબઈમાંનીજ ત્રણ વિધાનસભા મતદાર સંઘમાં બોરીવલી, દહિસર, માગાઠાણે માં રૂપાંતર થયેલ છે, " આ ત્રણ વિધાનસભા ક્ષેત્ર મુજબ જ ચારકોપ, મલાડ પશ્ચિમ અને કાંદિવલી પૂર્વ મતદાર સંઘમાંથી પણ યુતીનાં ઉમેદવાર શ્રી રામ નાઈકને જ અગ્રતા મળશે તેમાં કોઈ શંકા નથી," તેવો વિશ્વાસ શ્રી ગોપાળ શેટ્ટી એ વ્યકત કર્યો છે. સંપૂર્ણ મતદાર સંઘમાં પાછલો આખો મહિનો ચાલેલ ચૂંટણી પ્રચારની વેળાં મતદારોએ આપેલ સ્વયંભૂ પ્રતિસાદ થી ફરી એક વખત ઉત્તર મુંબઈમાં ભાજપ - શિવસેના યુતીનો જ સાંસદ ચૂંટાઈ આવશે તેની સાક્ષી આપું છું, પણ બીજી તરફ વિખ્યાત અંગ્રેજી અખબારી સમુહનાં મત સર્વેક્ષણ માંથી પણ આ જ જનાદેશ સ્પષ્ટ થઈ રહ્યો છે,તેમ પણ શ્રી શેટ્ટી એ કહ્યું હતું.

આ સંદર્ભે માહિતી આપતાં ભાજપ ઉત્તર મુંબઈનાં અધ્યક્ષ અને શ્રી રામ નાઈકનાં ચૂંટણી પ્રમુખ શ્રી યોગેશ સાગરે કહ્યું હતું કે , " શનિવારે એક ખ્યાતનામ અંગ્રેજી અખબાર સમુહે વ્યાવસાયિક, પ્રશાસકીય અધિકારી, પત્રકાર, સમાજસેવી સંસ્થા વગેરે ઉત્તર મુંબઈ નાં વિવિધ ક્ષેત્રનાં પ્રતિષ્ઠિત વ્યકતીનાં મત સર્વેક્ષણ કરવામાં આવ્યું હતું.આ મત સર્વેક્ષણ ના નિષ્કર્ષમાં શ્રી રામ નાઈક એ જ દ્રષ્ટા નેતા હોઈ તેઓ દેશહિતને સવોચ્ચ પ્રાધાન્ય આપે છે (૭૨ ટકા લોકોનો મત). કોંગ્રેસના શ્રી સંજય નિરૂપમ દેશહિત જોશે તેવું માત્ર ૨૮ ટકા લોકોને લાગે છે તેવું સ્પષ્ટપણે કહેવામાં આવ્યું છે. " આ મત સર્વેક્ષણમાં મતદારોને વિવિધ પ્રશ્નો પુછવામાં આવ્યાં હતાં. ઉમેદવારો ને જૂદાજૂદા નિષ્કર્ષો લઈ તે બાબતે નામાંકીત વ્યકતીઓનાં આ મત સર્વેક્ષણ માં ૭૩ ટકા લોકોએ શ્રી રામ નાઈક મતદારોને સહેલાઈથી મળનારાં હોવાનો હવાલો આપેલ છે, અને ૭૭ ટકા લોકોને વિશ્વાસ છે કે શ્રી રામ નાઈક નો તેમનાં પક્ષના ધ્યેય અને ધારા ધોરણો નકકી કરવામાં મોટો સહભાગ છે. શ્રી રામ નાઈક પોતાના તત્વો સાથે તડજોડ કરતાં નથી તેવી પણ આ બહુસંખ્ય મતદારોને જાણ છે. એટલુંજ નહીં શ્રી રામ નાઇક જ મતદારોને અપેક્ષતિ કામ કરી તેમાં સફળતા મેળવી શકે છે તેવી ૬૮ ટકા મતદારોને ખાત્રી છે, એ સિવાય શ્રી રામ નાઇકને જ મતદાર સંઘની મુશ્કેલીઓની જાણ છે, તેઓજ મતદારો નું ભલું શેમાં છે તે જાણે છે તેવો વિશ્વાસ પન બહુસંખ્ય મતદારોએ આ મત સર્વેક્ષણ માં વ્યકત કરેલ છે. અને મતદાર સંઘમાં સહુથી વધુ પ્રગતીકારક વિચારોના તેઓ નેતા છે,તેવું તારણ પણ આ સર્વેક્ષણમાંથી કાઢવામાં આવેલ છે.

" મેં મારા મતદારોને જનસેવાનું વ્રત અવિરત ચાલૂ રાકવાનું વચન આપેલ છે.આજ સૂધી મેં કરેલ કાર્યો જોઈ ને આ નિષ્કર્ષ પર મતદારો આવેલ છે તે બદલ હું તેમનો ઋણી છું. ઉત્તર મુંબઈ નાં સમજુ મતદાર મને ફરી એક વખત તેમની સેવા માટે લોકસભા માં પાઠવશે, તેવો મને વિશ્વાસ છે," તેમ આ પ્રસંગે શ્રી રામ નાઈકે કહ્યું હતું.

"આ સર્વેક્ષણ  તો એક ઝલક છે. ઉત્તર મુંબઈનાં મતદારોનાં મનની ભાવના નું પ્રતિબિંબ આ સર્વેક્ષણ માં છે. પરંતુ પ્રત્યક્ષપણે મતદાન મારફત આથી યે વધુ ઝળહળતી સફળતા આપી મતદારો શ્રી રામ નાઇકને છઠ્ઠી લોકસભામાં મોકલાવે," તેવું આવાહ્ન પણ ઉત્તર મુંબઈ ભાજપનાં અધ્યક્ષ શ્રી યોગેશ સાગરે કરેલ છે.

**(વિનોદ શેલાર)**
**પ્રસિધ્ધી પ્રમુખ,**
**મો. ૯૮૬૭૬૮૯૫૪૦**